# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 24-07-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

****************************************************

1) ભારત અને બ્રિટને મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા; પ્રધાનમંત્રીએ આજના દિવસને ભારત અને બ્રિટન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં ઐતિહાસિક ગણાવ્યો.

2) વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે સંસદના બંને ગૃહો દિવસભર માટે સ્થગિત.

3) સહકાર મંત્રી અમિત શાહે રાષ્ટ્રીય સહકારી નીતિ 2025નું અનાવરણ કર્યું.

4) પાંચ વર્ષના અંતરાલ પછી ભારત આજથી ચીની નાગરિકો માટે પ્રવાસી વિઝા ફરી શરૂ કરશે.

5) હવામાન વિભાગે કર્ણાટક દરિયાકાંઠા અને ઓડિશામાં મુશળધાર વરસાદની આગાહી કરી.

6) માંચેસન્ટરમાં રમાઇ રહેલી ભારત અને ઇંગ્લેંડ વચ્ચેની ચોથી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ 358 રન બનાવીને ઓલઆઉટ.

………………………………………………………………………

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM LONDON

ભારત અને બ્રિટને આજે એક મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા, જે વેપાર અને સંરક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં ભારત અને બ્રિટનની સહિયારી સમૃદ્ધિનો માર્ગ મોકળો કરશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ચેકર્સ, બ્રિટન ખાતે મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા બાદ કહ્યું કે આજનો દિવસ ભારત અને બ્રિટન વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોમાં ઐતિહાસિક દિવસ છે. તેમણે ખુશી વ્યક્ત કરી કે ઘણા વર્ષોની મહેનત પછી, બંને દેશો વચ્ચે એક વ્યાપક આર્થિક અને વેપાર કરાર થયો છે.

(BYTE : PM-MODI-DOUBLE-CONVENTION)

પ્રધાનમંત્રીએ કહ્યું કે આ કરાર ભારત અને બ્રિટનની સહિયારી સમૃદ્ધિનો માર્ગ મોકળો કરે છે.

(BYTE : PM-MODI-FTA-MSMEs---FARMERS)

બ્રિટનના પ્રધાનમંત્રી કીર સ્ટાર્મરે કહ્યું કે આ કરાર યુરોપિયન સંઘથી અલગ થયા પછી બ્રિટનનો સૌથી મોટો અને આર્થિક રીતે સૌથી મહત્વપૂર્ણ વેપાર કરાર છે. પ્રધાનમંત્રી મોદીના નેતૃત્વ અને વ્યવહારિકતા માટે આભાર માનતા, શ્રી સ્ટાર્મરે કહ્યું કે આ કરાર બંને દેશોને અપાર લાભ અપાવશે.

# CII-India-UK-FTA

ભારતીય ઉદ્યોગ પરિસંઘે ભારત-બ્રિટેન મુક્ત વેપાર કરારનું સ્વાગત કર્યું છે. સંઘે તેને દ્વિપક્ષીય આર્થિક સંબંધોમાં પરિવર્તનશીલ પગલું ગણાવ્યું છે. આ કરારનો ઉદ્દેશ્ય વેપાર, નવીનતા અને રોકાણને પ્રોત્સાહન આપવાનો છે. સુનિલ ભારતી મિત્તલના નેતૃત્વમાં સંઘના એક પ્રતિનિધિમંડળે બ્રિટિશ નેતાઓ સાથે ટેકનોલોજી, સ્વચ્છ ઉર્જા અને આરોગ્યસંભાળ ક્ષેત્રે તકોની ચર્ચા કરી.

# Delhi-Praveen Khandelwal

ભાજપ સાંસદ અને કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સના રાષ્ટ્રીય મહાસચિવ પ્રવીણ ખંડેલવાલે ભારત-બ્રિટન મુક્ત વેપાર કરારને ભારતીય વેપાર માટે નિર્ણાયક સિદ્ધિ અને વૈશ્વિક વેપારમાં ભારતની વધતી ભૂમિકાની મજબૂત પુષ્ટિ ગણાવી છે.

# PM - Sonowal article

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જણાવ્યું હતું કે ભારતના બંદરો વિસ્તરણ, યાંત્રિકીકરણ, ડિજિટાઇઝેશન અને વ્યવસાય કરવાની સરળતા દ્વારા વાણિજ્યના વૈશ્વિક કેન્દ્ર તરીકે વિકાસ કરી રહ્યા છે. શ્રી મોદીએ બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા લખાયેલ એક લેખને એક સમાચાર દૈનિક માટે શેર કરતી વખતે આ વાત કહી હતી.

શ્રી સોનોવાલે તેમના લેખમાં ઉલ્લેખ કર્યો હતો કે કેવી રીતે મોટી શિપબિલ્ડિંગ કંપનીઓ હવે ભારતીય કંપનીઓ સાથે ભાગીદારી કરી રહી છે, જેનાથી વધુ રોજગાર અને રોકાણનો માર્ગ મોકળો થયો છે.

# EVE LS-RS ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિપક્ષના હોબાળાને કારણે સંસદના બંને ગૃહો દિવસભર માટે સ્થગિત કરવામાં આવ્યા છે. લોકસભા પહેલા બપોરે 2 વાગ્યા સુધી અને પછી અંતે બપોરના ભોજન પછી ફરી શરૂ થતાં દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી.

જ્યારે લોકસભા ફરી શરૂ થઈ, ત્યારે ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી પરની સ્થાયી સમિતિના અહેવાલો રજૂ કર્યા. કાયદા અને ન્યાય મંત્રી અર્જુન રામ મેઘવાલે ગોવા રાજ્યના વિધાનસભા મતવિસ્તારોમાં અનુસૂચિત જનજાતિના પ્રતિનિધિત્વનું પુનર્ગઠન બિલ, 2024 વિચારણા માટે રજૂ કર્યું પરંતુ વિપક્ષે તેમની માંગ પર સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા. શ્રી મેઘવાલે કહ્યું કે તે અનુસૂચિત જનજાતિના હિત સાથે સંબંધિત એક મહત્વપૂર્ણ બિલ છે પરંતુ વિપક્ષી સભ્ય કાર્યવાહીમાં ખલેલ પહોંચાડી રહ્યા છે. તેમણે તેમને ચર્ચામાં ભાગ લેવા અપીલ કરી પરંતુ વિપક્ષે તેમનો વિરોધ ચાલુ રાખ્યો જેના કારણે અધ્યક્ષને ગૃહ દિવસભર માટે સ્થગિત કરવાની ફરજ પડી.

જોકે, રાજ્યસભા સવારે 11 વાગ્યે મળી ત્યારે કેટલાક સૂચિબદ્ધ કામકાજ હાથ ધર્યા. રાજ્યસભાએ તમિલનાડુનું પ્રતિનિધિત્વ કરતા છ નિવૃત્ત સભ્યોને વિદાય આપી, રાજ્યસભાના ઉપાધ્યક્ષ હરિવંશે નવા નામાંકિત સભ્ય ઉજ્જવલ નિકમને શપથ લેવડાવ્યા. આ કામકાજ પૂર્ણ કર્યા પછી, શ્રી હરિવંશે પ્રશ્નકાળ શરૂ કર્યો પરંતુ વિપક્ષના સભ્યોએ તેમના મુદ્દાઓ પર સૂત્રોચ્ચાર શરૂ કર્યા. હોબાળા વચ્ચે, તેમણે ગૃહને બપોરે 2 વાગ્યા સુધી મુલતવી રાખ્યું. જ્યારે બપોરે 2 વાગ્યે ગૃહ ફરી શરૂ થયું, ત્યારે વિપક્ષના સભ્યોએ ફરી સૂત્રોચ્ચાર શરૂ કર્યા. સતત સૂત્રોચ્ચારને કારણે અધ્યક્ષે ગૃહને દિવસભર માટે સ્થગિત કરી દીધું.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# National Cooperative Policy

સહકાર મંત્રી અમિત શાહે આજે સાંજે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય સહકારી નીતિ 2025નું અનાવરણ કર્યું. આ પ્રસંગે , શ્રી શાહે કહ્યું કે આ નીતિ વિકસિત ભારત 2047 ના લક્ષ્યને પ્રાપ્ત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવશે. આ નીતિનો હેતુ પાયાના સ્તરે રોડમેપ તૈયાર કરીને સહકારી દ્વારા સમૃદ્ધિના દ્રષ્ટિકોણને સાકાર કરવાનો છે. તેમણે કહ્યું કે દેશની પ્રથમ રાષ્ટ્રીય સહકારી નીતિ 2002 માં અટલ બિહારી વાજપેયી પ્રધાનમંત્રી હતા ત્યારે બહાર પાડવામાં આવી હતી.

**(BYTE : AMIT SHAH)**

# President- Artist

કલાકારોનું એક જૂથ આજે રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યુ હતું. ઝારખંડ, ઓડિશા અને પશ્ચિમ બંગાળના ઓગણત્રીસ કલાકારોનું જૂથ આ મહિનાની 14મી તારીખથી આજ સુધી રાષ્ટ્રપતિ ભવનમાં રોકાયું હતું અને કલા ઉત્સવ 2025 ના બીજા સંસ્કરણમાં ભાગ લીધો હતો. રાષ્ટ્રપતિ મુર્મુએ તેમના નિવાસ કાર્યક્રમ દરમિયાન કલાકારોએ બનાવેલા કલા પ્રદર્શનની મુલાકાત લીધી હતી.

# CHAINA CITIZEN VIZA

પાંચ વર્ષના અંતરાલ પછી ભારત આજથી ચીની નાગરિકો માટે પ્રવાસી વિઝા ફરી શરૂ કરશે. બેઇજિંગમાં ભારતીય દૂતાવાસે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે ચીની નાગરિકો ભારતમાં પ્રવાસી વિઝા માટે ઓનલાઈન અરજી કરી શકે છે. પાસપોર્ટ અને જરૂરી દસ્તાવેજો બેઇજિંગ, શાંઘાઈ અને ગુઆંગઝુમાં ભારતીય વિઝા અરજી કેન્દ્રો પર રૂબરૂમાં જમા કરાવવાના રહેશે.

# IMD

હવામાન વિભાગે આજે કર્ણાટક દરિયાકાંઠાના અને ઓડિશામાં મુશળધાર વરસાદની આગાહી કરી છે. આજે દક્ષિણ દ્વીપકલ્પીય ભારતમાં મધ્ય મહારાષ્ટ્ર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળના ગંગા પ્રદેશ અને મધ્ય પ્રદેશ સહિત ભારે વરસાદની આગાહી છે. બિહાર, પૂર્વી ઉત્તર પ્રદેશ, ઝારખંડ અને ઉત્તરાખંડ સહિત ઉત્તરપૂર્વ ભારતમાં પણ આવતીકાલ સુધી ભારે વરસાદ પડી શકે છે.

હવામાન વિભાગે આવતીકાલ માટે કેરળના છ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આજે માટે ઇડુક્કી અને પઠાણમથિટ્ટામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે અને તે આવતીકાલે પણ ચાલુ રહેશે.

આ દરમિયાન, આજે દિલ્હી એનસીઆરમાં વરસાદની આગાહી છે.

# CRICKET

માંચેસન્ટરમાં રમાઇ રહેલી ભારત અને ઇંગ્લેંડ વચ્ચેની ચોથી ટેસ્ટ મેચમાં ભારતીય ટીમ 358 રન બનાવીને ઓલઆઉટ થઈ છે. છેલ્લા મળતા અહેવાલ મુજબ, યજમાન ટીમ ઇંગ્લેન્ડે વિના વિકેટે 50 રન કર્યા છે.

અગાઉ ભારતની ટીમ ઋષભ પંતની અડધી સદીની મદદથી ટેસ્ટના બીજા દિવસે 358 રન પર ઓલ આઉટ થઇ ગઇ હતી. ભારત તરફથી સાંઇ સુદર્શને સૌથી વધુ 61, જયસ્વાલે 58 પંતે 54 અને શાર્દૂલ ઠાકુરના 41 રનની મદદથી 358 રન કર્યા હતા. ઇગ્લેંડ તરફથી સ્ટોક્સે પાંચ અને આર્ચેર ત્રણ તેમજ વોક્સ અને ડાઉસને 1-1 વિકેટ ઝડપી હતી.

# ED - Raids on Reliance

છેતરપિંડી અને મની લોન્ડરિંગના સંદર્ભમાં પ્રવર્તન નિદેશાલય-ED એ આજે રિલાયન્સ અનિલ અંબાણી ગ્રુપની કંપનીઓના 35 સ્થળોએ દરોડા પાડ્યા હતા. નિદેશાલયે જણાવ્યું હતું કે પ્રારંભિક તપાસમાં 2017 થી 2019 દરમિયાન એક ખાનગી બેંકમાંથી લગભગ 3 હજાર કરોડ રૂપિયાની લોનનો દુરુપયોગ થયો હોવાનું બહાર આવ્યું છે.

# Philippines - Rain

ફિલિપાઇન્સમાં આજે ભારે વરસાદ અને વાવાઝોડાને કારણે આવેલા પૂર અને ભૂસ્ખલનમાં ૧૨ લોકોના મોત થયા છે. ૨૭ લાખથી વધુ લોકો બેઘર બન્યા છે. વાવાઝોડા વિફા પછી આવેલા દક્ષિણપશ્ચિમ ચોમાસાને કારણે પરિસ્થિતિ વધુ ખરાબ થઈ છે. આ કુદરતી આફતને કારણે અત્યાર સુધીમાં ખેતરો અને માળખાગત સુવિધાઓને ૭૦ મિલિયન ડોલરથી વધુનું નુકસાન થયું છે.

# 24 Thai-Cambodian conflict

થાઈલેન્ડ અને કંબોડિયા વચ્ચે થયેલા અથડામણમાં 12 લોકો માર્યા ગયા છે અને અનેક લોકો ઇજાગ્રસ્ત થયા છે. બંને પડોશી દેશો વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલો સરહદી વિવાદ વધ્યો છે.

મીડિયા અહેવાલો અનુસાર, કંબોડિયાએ તોપ અને રોકેટથી થાઈલેન્ડ પર હુમલો કર્યો હતો, જેના જવાબમાં થાઈ સેનાએ F-16 ફાઇટર જેટથી હુમલો કર્યો હતો.